નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ફેમિલી ફિઝિશિયને સૂચવ્યા પ્રમાણે
ડેન્ટિસ્ટ પાસે ગયેલા
બ્લડપ્રેશરના દર્દીને
ડેન્ટિસ્ટે કહ્યું ;
"દાઢમાં રાખેલા માણસોને કાઢી નાખવા પડશે"

- મધુસૂદન પટેલ 'મધુ'

પાથેય

સંબંધોનું રિએક્શન.

- રમેશ ઠક્કર

તબીબી જગતમાં રોગના નિદાનનું એક આગવું મહત્વ છે.જો આપણે કોઈપણ બીમારીને મૂળથી દૂર કરવી હોય તો એની ઓળખ કરવી જરૂરી બની જાય છે.આવું જ માનવ સંબંધોની દુનિયામાં હોય છે.મોટાભાગે આપણે નિદાન કર્યા વગર જ બીમારીની સારવાર કરતા રહીએ છીએ.એ જ રીતે કોઈપણ જાતની ઓળખ વગર માણસો સાથે વ્યવહાર કરતા રહીએ છીએ.જે રીતે આડેધડ લીધેલી દવાઓ એની આડ અસર કરે છે.એમ જ આડેધડ રાખેલા સંબંધો પણ નવા નવા પ્રશ્નો ઊભા કરે છે..! આવા સંબંધોનું રિએક્શન મુસીબત બની જાય છે.

ગંભીમાર દર્દીને ડોક્ટર ઘણીવાર દવા સિવાય કેટલીક રીતભાત અંગે સલાહ આપતા હોય છે.આવું જ કેટલાક ડાહ્યા માણસો પણ કહેતા હોય છે.કવિ કે લેખક આવી બાબતોને ઘણીવાર કટાક્ષની રીતે કે મર્મની રીતે આલેખન કરતા રહે છે.એ શબ્દોની મજા જ કંઈક અનેરી હોય છે.ઉપરચોટિયા ઉપચારો જેવી સપાટ ભાષાનું કોઇ જોમ હોતું નથી.એમાં કોઈ સંદેશ કે મર્મ સંઘરાયેલો હોય તો જ એ કામનું ગણાય..ઘણીવાર મહાકાવ્ય કરતાં આવાં નાનકડાં અણુકાવ્યો મોટા સંદેશ આપી જતાં હોય છે.

કેટલાક રોગો જાણીતા હોય છે.એના માટે જનરલ સર્જન હોય છે.કેટલાક વિશિષ્ટ પ્રકારના રોગો હોય છે.અહીં એવી જ પૃષ્ઠભૂમિ સાથે કવિ એક સુંદર વાત કરે છે.દાંતના દુખાવાથી પીડાતો માણસ ડેન્ટીસ્ટ પાસે સારવાર માટે જાય છે.જે પોતે બ્લડપ્રેશરનો દર્દી છે.માણસને લોહીનું ઊંચું દબાણ ત્યારે જ થાય જ્યારે કારણ વગરની ચિંતાઓ કે કોઈના માટે નકારાત્મક ભાવોથી પીડાતો હોય..એને દૂર કરવા માટે આપણી અંદર છૂપાયેલા એવા ભાવોને દૂર કરવા જરૂરી બની જાય છે.

જે લોકો જીવનને કારણ વગર ગૂંચવે છે એના માટેની આ વાત છે.સીધાસાદા માણસને આવી કોઈ તકલીફ પડતો નથી અહીં બ્લડપ્રેશરના દર્દી ડેન્ટિસ્ટને બતાવવા જાય છે.બે વિરોધાભાસી બાબતોને સામસામી પંક્તિઓમાં મૂકીને કવિ કમાલ કરે છે.આપણને પ્રતીક્ષા રહે છે કે હવે પછીની પંક્તિઓમાં શું આવશે ?

લોહીના ભારે દબાણથી પીડાતો માણસ હૃદયમાં કેટકેટલી નિષ્ફળતાઓ કે પીડાઓને સંઘરીને જીવતો હોય છે ! હકીકતમાં માણસે જો સુખચેનથી જીવવું હોય તો મુક્તપણે કોઈની પણ સરખામણી કર્યા વગર આનંદથી જીવવાનું ઓસડ મેળવી લેવા જેવું છે.આવો માણસ જ્યારે ડોક્ટર પાસે જાય ત્યારે તબીબીશાસ્ત્ર મુજબ એની સારવાર થાય..એ નવી વાત નથી.પરંતુ અહીં કવિ એક જ લીટીમાં એવા માણસની બીમારીનો માનસશાસ્ત્રીય ઉપાય આપી દે છે.એ કહે છે કે તમારી દાઢમાં રાખેલા માણસોને કાઢી નાખવા પડશે !

ખરેખર તો સડેલી દાઢમાં સડો હોય.પરંતું નકારાત્મક લાગણીઓ પણ એવો જ સડો બની જાય છે.આપણા મનમાં જે માણસો માટે ધિક્કાર કે અણગમાના ભાવો ભરેલા છે એને દૂર કરવાની વાત છે.એ જ આપણી બીમારીનું કારણ છે.દાઢમાં રાખવું એટલે કોઈના માટે દ્વેષભાવ રાખવો.કોઈના માટે અકારણ અણગમો રાખવો. ડેન્ટિસ્ટ હંમેશા જે દુખતી દાઢ હોય એને તુરત જ દૂર કરે છે. જેથી દુખાવો તો ગાયબ થાય સેથે એના થકી થતો સડો પણ તાત્કાલિક રોકી શકાય.આવી સીધીસાદી નિદાનની પરિભાષાને ખૂબ જ ઓછા શબ્દોમાં માનવમનની વિટામણાઓ સાથે જોડીને સરસ કાવ્ય આકાર પામે છે.માનવમનની આ બિમારી સામે ઉપાય સૂચવતું આ નાનકડું કાવ્ય ખૂબ જ અસરકારક સંદેશો આપી જાય છે.એમાં ફક્ત વ્યંગ નથી જીવનનો એક મર્મ પણ છે. હળવી શૈલીમાં ચહેરા ઉપર મલકાટ આવી જાય એ રીતે અહી આલેખન થયું છે.ખૂબ જ ટૂંકા શબ્દોમાં કવિ બયાન કરે છે..માણસ જો પોતાના મલિન ભાવોનું મારણ કરી તો જ એ આનંદની અનુભૂતિ કરી શકે છે..બહારથી ખેંચાતી દાઢની માફક ઉપરછલ્લી સર્જરી નકામી પુરવાર થતી હોય છે.

ગુજરાતની અસ્મિતા-સંસ્કૃતિ-ઓળખને શબ્દ અને રંગ દ્વારા વૈશ્વિક સ્તરે ઉજાગર કરનારા રજની વ્યાસ : એક શબ્દ ચિત્ર

પહેલું કિરણ
રમેશ તન્ના

ગુજરાતની અસ્મિતાની વાત કરીએ એટલે કનૈયાલાલ મુન્શીનું નામ યાદ આવે. ગુજરાતની અસ્મિતા સાથે રજની વ્યાસનું નામ પણ યાદ કરવું પડે તેવું તેમનું પ્રદાન છે. તેમનું જીવન એટલે કલા-આરાધના. પીંછી અને કલમ દ્વારા તેમણે નિષ્ઠાપૂર્વક લાંબો સમય યાદ રહે તેવું સર્જનાત્મક કામ કર્યું. તેમણે 'ગુજરાતની અસ્મિતા' ગ્રંથમાં ગુજરાતના સત્વની ઓળખ આપી છે. ગુજરાતના ઈતિહાસને, તેની ભવ્યતાને, તેની વિશેષતાઓને તેમણે રસાળ કલમે અને આકર્ષક ચિત્રાંકનો દ્વારા રજૂ કરી છે. બે પૂંઠા વચ્ચે તેમણે ગુજરાતની આખી સંસ્કૃતિને અત્યંત રસપ્રદ અને આકર્ષક રીતે પહેલીવાર રજૂ કરી.

ગુજરાતી સાહિત્ય પ્રકાશનમાં આ એક નવો પ્રયોગ હતો. એક પહેલ હતી. પહેલ કરનારે કાયમ જોખમ વહોરવું પડે છે. રજની વ્યાસે એ જોખમ વહોર્યું હતું. ગુજરાતી સંસ્કૃતિ ભવ્ય અને દિવ્ય ખરી, પરંતુ એની ભવ્યતાને રજૂ કરે તેવો બૃહદ ગ્રંથ ગુજરાતી ભાષામાં હતો જ નહીં. વર્ષોની સાધના કરીને રજની વ્યાસે એ કામ અત્યંત સરસ રીતે કરી બતાવ્યું હતું. સાહિત્ય અને કલાના માધ્યમ દ્વારા તેમણે કરોડો ગુજરાતીઓ સમક્ષ ગુજરાતની અસ્મિતાનું અજવાળું ભેટ ધર્યું હતું.

એ પછી તો તેમણે ૧૧૧ ગરવા ગુજરાતીઓ નામનું ખૂબ સુંદર પુસ્તક પ્રકાશિત કર્યું. ગુજરાતે વિશ્વને એકથી એક ચડિયાતાં અનેક માનવ રત્નો આપ્યાં છે. આ પુસ્તકમાં રજનીભાઈએ વિશ્વને તેનો પરિચય કરાવ્યો. રજનીભાઈની વિશેષતા એ કે શબ્દ અને ચિત્ર બંનેમાં તેમની મહારથ હતી. કુમારપાળ દેસાઈએ એક વખત સાચું જ કહ્યું હતું કે, રજનીભાઈ ૧૧૨માં ગરવા ગુજરાતી હતા.

એ પછી તેમણે ગુજરાતી અને અંગ્રેજી એમ બે ભાષામાં મિલેનિયમ ફ્લેશ બેક નામના પુસ્તકો પ્રગટ કર્યા. આ પુસ્તકમાં તેમણે ૨૦મી સદીના ઈતિહાસને કેદ કર્યો હતો.

રજનીભાઈ જે કરે તે શ્રેષ્ઠ કરે, પોતાની આખી જાત રેડીને કરે તથા કરવા જેવું હોય તે જોખમ લઈને પણ કરે જ. તેમણે જે લેખન-સંપાદન કે પ્રકાશનો કર્યા તે બધાં અપૂર્વ અને અનન્ય કહી શકાય તેવાં. ભૂતકાળમાં આવાં કોઈ સંપાદનો-પ્રકાશનો થયાં જ નહોતાં. જેમ કે, તેમણે વિશ્વ જ્ઞાન કોશની રચના કરી. આ કોશમાં તેમણે ભારત અને દુનિયા વચ્ચે ગુજરાતી ભાષામાં સચિત્ર માહિતી આપી. વિચાર તો કરો, ગુજરાતના હજારો ગામોનાં લાખો બાળકોને આ કોશ કેટલો ઉપયોગી થયો હશે?





૧૯૮૮માં ઈંગ્લેન્ડની ગુજરાત લિટરરી એકેડેમીએ તેમને પ્રવાસ માટે આમંત્રણ આપ્યું. ભરેલા હૃદયે રજનીભાઈ જાય, પરંતુ પાછા ખાલી હાથે થોડા જાય? એ વર્ષમાં આજથી ૩૪ વર્ષ પહેલાં તેમણે એક અદ્‌ભુત વીડિયો કેસેટ તૈયાર કરી. 'સરસ્વતીને તીરે તીરે' નામના આ વીડિયો કેસેટમાં તેમણે આખું ગુજરાત સરસ રીતે બતાવ્યું. વોશિંગ્ટનમાં યોજાયેલા એક કાર્યક્રમમાં હાજર રહેલી એક ડૉક્ટરની દીકરીએ આ વીડિયો કેસેટ જોઈને કહ્યું હતું કે, મારા પિતાએ મને ગુજરાત બતાવ્યું નથી, પરંતુ રજનીભાઈએ મને મારું ગુજરાત બતાવ્યું.

દરિયાપાર આ વીડિયો કેસેટ ખૂબ લોકપ્રિય થઈ હતી. રજનીભાઈએ તેમાં ગુજરાતને અત્યંત સાચી રીતે રજૂ કર્યું હતું. આ કેસેટ જોઈને અનેક લોકો ધ્રૂસકે ને ધ્રૂસકે રડ્યા હતા. દરિયાપારના ગુજરાતીઓના હૃદયમાં પડેલા ગુજરાતને એક લેખક-ચિત્રકાર-કલાકાર આ રીતે બહાર લાવી શક્યો હતો.

૧૯૯૬માં તેમણે એક બીજો વીડિયો તૈયાર કર્યો હતો. ચંદરયા ફાઉન્ડેશન તથા લિટરરી એકેડેમી ઓફ નોર્થ અમેરિકાના સહયોગથી તેમણે અમેરિકા અને કેનેડામાં ૨૫ કાર્યક્રમો અને લંડનમાં આઠ કાર્યક્રમો કર્યા હતા. એ વીડિયો કમ ડોક્યુમેન્ટરીનું તેમણે નામ આપ્યું હતું, 'ગુણિયલ ગુર્જર દેશ' તેમાં તેમણે ગુજરાતનાં દર્શનીય સ્થળો, વ્યક્તિ વિશેષો, પ્રકૃતિ, લોકજીવન એ બધું જ સરસ રીતે બતાવ્યું હતું. તેમાં સંગીત ગૌરાંગ વ્યાસનું હતું અને ગુજરાતીમાં સુભાષ બ્રહ્મભટ્ટે અને અંગ્રેજીમાં મલ્લિકા સારાભાઈએ કોમેન્ટ્રી આપી હતી.

દરિયાપાર વસતા ગુજરાતીઓમાં ગુજરાત પ્રદેશ અને ગુજરાતી ભાષા – સંસ્કૃતિની ફિલિંગ ઊભી કરવામાં અને તેનું રિફિલિંગ કરવામાં રજનીભાઈનું માતબર પ્રદાન હતું.

તેમણે ગુજરાતી અને અંગ્રેજી એ બે ભાષાઓમાં જે સંદર્ભ ગ્રંથો તૈયાર કર્યા છે તે કદી ન ભૂલાય તેવા છે. તેમણે 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ' પણ સચિત્ર દળદાર રીતે તૈયાર કર્યો હતો. 'મૂઠ્ઠી ઉંચેરા ગુજરાતી'ઓ નામનો તેમનો સંદર્ભ ગ્રંથ ખૂબ જાણીતો છે. 'સ્વાગતમ્ ગુજરાત' પણ તૈયાર કર્યો હતો. 'અતુલ્ય ભારત' અને 'વિશ્વ જ્ઞાન કોશ' પણ તેમના અત્યંત વખણાયેલાં સંદર્ભ ગ્રંથો છે.

૨૦૦૮માં તેઓ ગુજરાત વિશ્વ કોશ સાથે જોડાયા. અહીં પણ તેમણે આશરે દસેક જેટલા ગ્રંથો તૈયાર કર્યા. કુમારપાળ દેસાઈ સાથે તેમણે ખભેખભો મિલાવીને કામ કર્યું.

રજનીભાઈનું જીવન સંઘર્ષમય પણ રહ્યું હતું. તેમનો જન્મ નર્મદા મૈયાના ખોળામાં. તેમના પિતા શિક્ષક હતા. સંસ્કૃત તેમનો મુખ્ય વિષય હતો. પગાર ઓછો હતો એટલે તેઓ અખબારો-સામયિકોની એજન્સી પણ ચલાવતા હતા. તેના કારણે તેમના ઘરમાં છાપાં-મેગેઝિનો આવતાં હતાં. રજનીભાઈને નાનપણથી જ સાહિત્યમાં ખૂબ રૂચિ હતી. રજનીભાઈ ભણવામાં તેજસ્વી. મેટ્રિકની પરીક્ષા આપી ત્યાં સુધી તેમણે ટ્યુશન રાખેલું નહીં. તેમના પિતાજી માનતા કે, વિદ્યા વેચાય નહીં તેથી તેઓ વિદ્યાર્થીઓને મફત શીખવાડતા. મેટ્રીકમાં હતા ત્યારે રજનીભાઈને ચિત્રકામ અને સંગીતનો શોખ જાગ્યો હતો. રજાઓમાં રજનીભાઈ ખૂબ ચિત્રો કરતા. દિવાળી નિમિત્તે આવેલા કાર્ડનાં ચિત્રોની નકલ કરતા. મહાન પુરુષોના ફોટા પરથી તેમના સ્કેચ દોરતા. એ પછી તેઓ કુમારથી પરિચિત અને પ્રભાવિત થયા. કુમાર તેમને ખૂબ ગમતું. ધીમે ધીમે તેમની ચિત્ર યાત્રા આગળ વધતી ગઈ. રાજકીય નેતાઓને બદલે તેઓ કનુ દેસાઈ અને રવિશંકર રાવળના ચિત્રોની નકલ કરવા લાગ્યા. રજનીભાઈના જીવન વિકાસમાં "કુમાર"નું મોટું પ્રદાન.

૧૯૮૫માં ગુજરાતની અસ્મિતાનું બીજ તેમના મન અને હૃદયમાં લખાયું અને પછી તેમણે ગુજરાતી સંસ્કૃતિને શબ્દ અને ચિત્ર દ્વારા વ્યક્ત કરવા માટે ગુજરાતની અસ્મિતાનું સર્જન કર્યું.

રજનીભાઈ એક ઉત્તમ અને નીવડેલા ચિત્રકાર અને લેખક હતા. દૃષ્ટિવંત અને સફળ સંપાદક અને તંત્રી હતા. તેઓ સાચુકલા ગરવા ગુજરાતી હતા. જોખમ લઈને તેઓ પોતાની કલાને નવા નવા પ્રદેશમાં લઈ ગયા હતા. તેમના કામની ગુણવત્તાથી લોકો આકર્ષાતા હતા. રજનીભાઈએ ગુજરાતની અસ્મિતાની સુગંધ સમગ્ર વિશ્વમાં પ્રસરાવી હતી. તેમણે જે પણ કર્યું તે મજબૂત કર્યું. સંશોધન અને સંદર્ભ ગ્રંથોમાં ગુજરાતીઓ અત્યંત કાચા અને નબળા છે. ગુજરાતીઓ સંશોધનમાં માનતા નથી ત્યારે આપણે આ એક એવો કલાકાર મળ્યો જેણે પાયાનું સંશોધન અને દસ્તાવેજીકરણ કર્યું.

અલબત્ત, એ બાબતનો પણ આપણે સ્વીકાર કરવો જોઈએ કે, ગુજરાતે રજનીભાઈની યોગ્ય કદર કરી નહોતી. પાયાનું અને સાચું કામ કરનારા આ કલાકારને ગુજરાતે પોતાના ખભા પર બેસાડીને વિશ્વના ચાચર ચોકમાં રજૂ કરવા જેવો હતો. જે ન થયો.

૨૩મી સપ્ટેમ્બર, ૧૯૩૮ના રોજ જન્મેલા રજનીભાઈનું ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ અમદાવાદમાં અવસાન થયું. ૮૦ વર્ષના આયુષ્યમાં રજનીભાઈ ખરેખર યાદગાર અને મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

ગોધૂલિ:

તેમણે પોતાની જીવનકથા 'બારીમાંથી બહાર' લખ્યું છે કે, સમગ્ર જીવનમાં જે કાંઈ પામ્યા છીએ તે માત્ર આપણી અક્કલ હોંશિયારીથી પામ્યા છીએ તેવો ભ્રમ રાખવાની જરૂર નથી. તેમાં તમારાં માતા અને પિતા, ભાઈ-બહેનો, પત્ની અને બાળકો, પરિવારના સભ્યો, મિત્રો, સમાજ અને છેલ્લે ઈશ્વરના આશીર્વાદ કે નિયતિ એ સૌનો ફાળો છે. તમારો વિકાસ અને વિસ્તરણ એ તમારું પર્યાવરણ છે. તમારો પરિવાર અને પરંપરાએ ભૂમિ છે. મિત્રો અને સમાજ ખાતર-પાણી છે અને નિયતિ સૂર્ય છે- સંજીવની છે-આ માહોલ હતો તો જ તમારી કૂંપળો ફૂટી, તેમાંથી છોડ અને વૃક્ષમાં પરિવર્તન પામી.

ઈશ્વરે સમજીને જ સર્જી કીકી કાળી, કમસેકમ સ્વપ્નને તો નજર ન લાગે...!

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

ઈશ્વરે સમજીને જ સર્જી કીકી કાળી,
કમસેકમ સ્વપ્નને તો નજર ન લાગે...!

- આરતી પરીખ

શુકન, અપશુકન, નજર લાગવી અને ટોકાઈ જવું આ બધી વાતોમાં અલગ-અલગ લોકોના જુદા-જુદા અભિપ્રાયો હશે! પણ ઘણીવાર આવી વાતોમાં ન માનતી વ્યક્તિ પણ જાણે-અજાણ્યે આ પ્રવાહમાં તણાઈ જાય છે તો ક્યારેક વળી એમ પણ બને કે આખી જિંદગી આવી વાતોનું ખાસ ધ્યાન રાખનાર વ્યક્તિ આ તમામ બાબતોથી સાવ નિર્લેપ બની જાય! જો કે, અહીં વાત છે સ્વપ્નની. સ્વપ્નની રંગીન દુનિયા, સોહામણી એ સ્વપ્નનગરની સફર; એમાં ખોવાઈ જવાની મજા કંઈક અલગ જ હોય છે. ઘણીવાર આપણે જાણતાં જ હોઈએ છીએ કે સ્વપ્નની આ દુનિયા કરતાં જીવનની વાસ્તવિકતા કંઈક જુદી જ હોય છે. છતાં સપનાં જોવા આપણને ગમે છે અને એટલે જ આપણે ઈચ્છીએ છીએ કે સપનાને કોઈની નજર ન લાગી જાય. આપણે આપણા જીવનમાં જુદી જુદી રીતે સંઘર્ષ કરતા જ હોઈએ છીએ અને આ ચક્ર નિરંતર અવિરતપણે વણથંભ્ય ચાલ્યા જ કરે છે. ધીરે-ધીરે આ પરિસ્થિતિની અસર આપણા સ્વભાવ, વાણી, અને વર્તનમાં પણ દેખાવા લાગે છે. અમુક વ્યક્તિ થોડી વધુ સંવેદનશીલ હોય તો કોઈ વળી થોડું વધુ પ્રેક્ટિકલ એટલે કે વ્યવહારુ હોય અને આ અનુસાર તેમના જીવનમાં બનતી ઘટનાઓની તેમની પર્સનાલીટી પર વિવિધ અસર વર્તાતી હોય છે! વ્યક્તિનું વ્યક્તિત્વ તેના સ્વભાવ ઉપરાંત તેના વ્યવહાર તેમજ રીતભાત પરથી છતું થતું હોય છે. આપણે સૌ એક છાના ભયના ઓથાર હેઠળ જીવતા હોઈએ છીએ. ખુશ હોઈએ કે સંતુષ્ટ હોઈએ ત્યારે પણ તે પળને માણવાને બદલે મનમાં એક પ્રકારનો છાનો ભય રહેતો હોય છે કે આ ખુશીની પળ ક્યાંક છીનવાઈ જશે તો? અરે સ્વપ્નને પણ જો નજરાઈ જવાનો આપણામાં ભય હોય તો જીવંત ક્ષણોનું તો પૂછવું જ શું?

"આપણા હકની ખેવના એટલી બધી ન કરીએ,
કે આપણી રીતભાત પણ ભૂલી જઈએ."

આપણે આપણા ગેરવર્તન માટે અન્યને દોષ આપતાં એક ક્ષણ પણ અચકાતા નથી જ્યારે અન્યને સમજવાની ક્ષણ આવે ત્યારે આપણે સાવ જડ અને રૂક્ષ બની બેસીએ છીએ. આજકાલ આ નોટોના બદલાવાને કારણે રોજિંદી લેણદેણના કાર્યોમાં જ્યારે અવ્યવસ્થા સર્જાય ત્યારે આપણે અધીરા બની જઈએ છીએ. લાંબી- લાંબી લાઈનોમાં ઉભા રહીને આપણે અકળાઈ જઈએ તે વાત સ્વાભાવિક છે તેમ બેંકના કર્મચારીઓ સમજી શકે અને બેંક કર્મચારીઓ પર વધી ગયેલા કામના બોજને જો આપણે સમજી શકીએ તો પરસ્પર શાંતિપૂર્વક એકબીજા સાથે સહકારથી કામ કરી શકીએ. કોઈ પણ વ્યક્તિના ગેરવર્તન માટે આપણે તરત જ તેના પર વરસી પડવાને બદલે થોડા સમય માટે જો શાંત ચિત્તે તેના ઉપરછલ્લા ખરાબ વર્તન પાછળ રહેલા ઉકળાટ અને વ્યથાને સમજી લઈએ તો આપણને એ જ વ્યક્તિના વ્યક્તિત્વના સાવ નવા જ પાસાને જાણવાની તક મળશે. જન્મતાવેંત જ કોઈ સારું ક ખરાબ ન હોઈ શકે. સમય અને સંજોગો વ્યક્તિના વ્યક્તિત્વને ઘડે છે.

ગતે શોકો ન કર્તવ્યો ભવિષ્ય નૈવ ચિન્તયેત્ ?
વર્તમાનેન કાલેન વર્તયન્તિ વિચક્ષણાઃ ?

શાસ્ત્રોમાં લખેલું છે કે જે વીતી ગયું એનો શોક ન કર; ભવિષ્યની ચિંતા ન કરીશ. વર્તમાનમાં જે કંઈ પણ બની રહ્યું છે માત્ર તેને જ અનુસરે તે જ બુદ્ધિશાળી ગણાય. પણ જાણે અજાણ્યે આપણે આપણી પરિસ્થિતિ અને આપણા સંજોગો અનુસાર કોઈ વ્યક્તિ અંગે ચોક્કસ પ્રકારનો અભિપ્રાય બાંધી બેસીએ છીએ. જે વ્યક્તિને આપણે છેલ્લા થોડા સમયથી મળ્યા પણ ન હોઈએ તેના વિષે તેના જીવનમાં બની રહેલી ઘટનાઓ જોયા-જાણ્યા વિના જ તેના પ્રત્યે ચોક્કસ પ્રકારનો અભિપ્રાય ધારી લઈએ છીએ.

આપણી યુવા પેઢીને બધું જ 'Instant' મેળવવાની આદત છે માટે જ્યારે કોઈ વસ્તુ કે બાબત તેમની ઈચ્છા અનુસાર ન બને તો તેઓ નિરાશ થઈ જાય છે. તેમના વર્તનમાં તોછડાઈ, ઉદ્ધતાઈ કે રુક્ષતા આવી જાય છે. તેમને લાગવા માંડે છે કે તેમની પરિસ્થિતિ કોઈ સમજી શકતું નથી અને માટે પોતાની જાતને એક કોચલામાં પૂરી બેસી જાય છે. અન્ય સાથે વાતચીત કે બોલચાલ પર નહિતર્ કરી દે છે અને પરિણામે તેમનું depression ઉત્તરોત્તર વધતું જ જાય છે. જીવનની harsh વાસ્તવિકતાનો સ્વીકાર કરીને તેની સામે ટક્કર ઝીલવા માટે તૈયાર રહેવાને બદલે તે માનસિક અને શારીરિક રીતે ક્ષીણ થઈ જાય છે. "જગતમાં આપણો આ દુઃખનો હિસ્સો સંપૂર્ણ ન્યાયસંગત હોય જ, એવું બનતું નથી, જેને આપણે અન્યાય ગણીએ, તેનો પણ યોગ્ય રીતે સ્વીકાર કરી શકીએ, એવું આપણામાં સામર્થ્ય હોવું જોઈએ.'

Last Sean :

- રવીન્દ્રનાથ ઠાકુર (અનુ. નગીનદાસ પારેખ)

સમુદ્રમાં પાણીના આધારે અનેક પરપોટા થઈ આવે છે. એ ઘણા ભેગા થઈ એક મોટું મોજું કે પરપોટો બને છે. અફળાઈને તેની નાની-નાની લહેરો થઈ જાય, તેથી આપણને કદી શોક થતો નથી. કારણ, આપણે જાણીએ છીએ કે એ આકારોના ઊપજવાથી કે નાશ પામવાથી સાગરના સાગરપણામાં કાંઈ ફરક પડતો નથી.

- nehalgadhavi101@gmail.com

બંધારણની કલમ ૧૦૨(૧) અને ૧૯૧(૧) મુજબ ધારાસભ્યોને સરકારી હોદ્દા સ્વીકારતા અટકાવાયા છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતના બંધારણમાં રાજયસભા માટેના નિયમો ઘડવામાં આવ્યા છે. ઓફિસ ઓફ પ્રોફીટનો મુળ વિચાર ઈંગ્લેન્ડમાં ઉદ્દભવેલો જેનો મુળ ઉદ્દેશ વિધાનસભાના સ્વાતંત્ર્યને યથાવત રાખવાનો છે. જેથી વિધાનસભાના સભ્યોને તેની ફરજમાં વિરોધ પક્ષ દ્વારા લોભ-લાલચ આપી શકે નહિ. આ ઉપરાંત લેજીસ્ટ્રેટીવ જયુડીશીયરી અને એકઝીકયુટીવ વચ્ચે સત્તાની વહેચણીના સિધ્ધાંતના અમલીકરણનો ઉદ્દેશ રહેલો છે.

ભારતીય બંધારણમાં ઓફિસ ઓફ પ્રોફીટની વ્યાખ્યા કરવામાં આવી છે. જે મુજબ બંધારણની કલમ ૧૦૨(૧) મુજબ સંસદ સભ્ય તરીકે ગેરલાયકાતો નક્કી કરવામાં આવી છે. નફાનો હોદ્દો ધારણ કરનાર વ્યક્તિ સંસદ સભ્ય તરીકે લાયક ગણી શકાય નહી જો કે નફાની વ્યાખ્યા ભારતીય બંધારણમાં સ્પષ્ટ કરવામાં આવી નથી તેમજ પુરતી જાહેર નહી થયેલ નાદાર વ્યક્તિ પણ સંસદ સભ્ય તરીકે ગેરલાયક બને છે. વિજય માલ્યા પોતે ભાગેડુ તથા નાદાર હોય ગેરલાયક ઠરવાના હતા તેનો તેમને પ્રથમથી જ ખ્યાલ આવતા સ્વેચ્છાએ રાજીનામું આપી સરકારને ગેરલાયક ઠરાવવાનો કોઈ ચાન્સ આપેલ નથી તેમજ ભારતીય નાગરિક ના હોય તે પણ સ્વેચ્છાએ ભારતના નાગરિકતાનો ત્યાગ કરીને અન્ય વિદેશી નાગરિત્વ ધરાવતો હોય તો પણ સંસદ સભ્ય તરીકે ગેરલાયક ઠરે છે.

ભારતીય બંધારણના પરમાં સુધારાથી બંધારણની કલમ ૧૦૨(૧) માં પક્ષોત્તર ગેરલાયકાતને પણ ઉમેરવામાં આવેલ છે એટલે કે પક્ષાંતર કરનાર સભ્ય પણ સંસદ સભ્ય તરીકે ગેરલાયક ઠરે છે તેમજ પક્ષના આદેશ વિરૂધ્ધ ગૃહમાં મતદાન કરે તો પણ વિટો પાવરનો દુરઉપયોગ ગણી ગેરલાયક ગણવામાં આવે છે. તાજેતરમાં ઉત્તરાંચલની ઘટના તેનું તાજુ ઉદાહરણ છે પરંતુ પક્ષની પૂર્વ મંજુરીથી વિરૂધ્ધ મતદાન કરનાર સભ્ય ગેરલાયક ઠરતો નથી આવા બનાવો ભારતીય સંસદમાં અગાઉ કયારેય બનેલ નથી.

અપક્ષ ઉમેદવાર ચૂંટાયા પછી પણ કોઈ રાજકીય પક્ષમાં જોડાય તો પણ ગેરલાયક ઠરે છે પરંતુ એક રાજકીય પક્ષના સભ્યો બીજા રાજકીય પક્ષમાં જોડાય અને બહુમતી ધરાવે તો ગેરલાયક ઠરતા નથી. પક્ષાંતર મુદ્દે ગેરલાયક ઠરાવવાનો નિર્ણય ગૃહના અધ્યક્ષ કે રાજય સભાના અધ્યક્ષ નક્કી કરે છે.

તે જ રીતે ભારતીય બંધારણની કલમ ૧૯૧ મુજબ ભારત સરકાર કે રાજય સરકાર હેઠળ નફાનો હોદ્દો ધારણ કરી રહેતા હોય તેવા સભ્ય તથા અસ્થિર મગજના સભ્ય, જેલમાંથી મુકત થયેલ ના હોય તેવા સભ્ય અથવા કોઈ કાયદા હેઠળ સજા પામેલ સભ્ય સંસદ સભ્ય તરીકે ગેરલાયક ઠરે છે. સજા પામેલ સભ્ય પાંચ વર્ષ સુધી ચુંટણી લડવા ગેરલાયક ઠરે છે. લાલુપ્રસાદ યાદવ તેનું ઉદાહરણ છે. બંધારણની કલમ ૧૯૨ મુજબ ગૃહના સભ્યને ગેરલાયક ઠરાવવાની સત્તા રાજયપાલને છે પરંતુ તેઓ નિર્ણય કરતા પહેલા ભારતીય ચૂંટણી પંચનો અભિપ્રાય મેળવે છે ત્યારબાદ પોતાનો નિર્ણય જાહેર કરે છે.

તાજેતરમાં આપ પાર્ટીના ૨૧ સભ્યોને લાભ હોદ્દો ગેરકાયદેસર ઠરતા ૨૧ સભ્યો સંસદીય સભ્ય તરીકે ગેરલાયક ઠરવાના બનાવને લઈ ભારે રાજકીય ઉત્તેજનાનો માહોલ દિલ્હીમાં જોવા મળેલ છે. ચૂંટાયેલા સભ્યો પૈકી કોઈ એક પાર્ટીના ૧૦ ટકા સભ્યોને જ લાભ હોદ્દા આપી શકાય પરંતુ કેજરીવાલ સરકારે ૬૭ માંથી ૨૧ ને સંસદીય સચિવ બનાવી પ્રધાન જેટલા હક્કો અને ફેસેલીટી આપતા બંધારણ મુજબ રાજયપાલે આવા ખર્ચ ના મંજુર કરતા રાષ્ટ્રપતિને બીલ મોકલવામાં આવતા તેમણે પણ મંજુર ના કરતા હાલ ૨૧ સભ્યોનું ભવિષ્ય અધ્ધરતાલ છે. દિલ્હીમાં રાજયપાલએ કેન્દ્રના છે અને તે કેન્દ્ર સરકારના ઈશારે કામ કરે છે તે સ્પષ્ટ છે તેથી મોદી સરકાર આવી રાજકીય તક જવાદે એમ નથી જો આપના ૨૧ સભ્યો ગેરલાયક ઠરે તો ૨૧ સભ્યોની ચૂંટણી આપવી પડે તેની સીધી અસર આપ સરકારને થાય.

દિલ્હી મેમ્બર્સ ઓફ લેજીસ્ટ્રીટવ એસેમ્બલી એમેન્ડમેન બિલ ૨૦૧૫ સંશોધન વગર કે સંશોધન સાથે ફરી રાષ્ટ્રપતિને મોકલી શકાય છે પરંતુ આપ પાર્ટીની તરફેણમાં નિર્ણય આવે તેવા ચાન્સ બહુ જ ઓછા છે. હાલમાં આવી જ પરિસ્થિતિ નાગાલેન્ડ અને પંજાબમાં છે તેમાં ૨૪ સભ્યો સંસદીય સચિવ છે. હિમાચલ પ્રદેશમાં ૬, રાજસ્થાનમાં ૫, હરિયાણા, પોન્ડીચરી તથા પશ્ચિમ બંગાળમાં પણ સંસદીય સચિવોની નિમણુંક પક્ષના સભ્યોને સાચવવા જે તે સરકારે કરેલ છે પરંતુ ત્યાં રાજયપાલની મંજુરી બાદ જ સંસદીય સચિવ તરીકે નિમણુંક આપેલ હોય વિવાદ નથી પરંતુ દિલ્હીની આપ સરકારને કેન્દ્રની ભાજપા સરકાર આવી મંજુરી રાજકીય રીતે પણ આપે નહિ તેમજ ૨૧ સભ્યોને ગેરલાયક ઠરાવવાની કોઈ તક જતી ના કરે તે સ્વાભાવિક છે દિલ્હીના રાજયપાલ અને કેજરીવાલ વચ્ચે વિવાદો જગ જાહેર છે.

કેજરીવાલ સરકારે સંસદીય સચિવને મળતી લાલ બત્તીવાળી કાર તથા ભાડા, ભથ્થા ચુકવ્યા નથી તેથી અયોગ્ય ના ઠરે પરંતુ બંધારણની કલમ ૧૦૨(૧) તથા ૧૯૧ મુજબ લાભના હોદ્દા લેવા એજ પૂરતું કારણ છે. જોવાનું એ રહે છે કે ઓફિસ ઓફ પ્રોફીટ એ કોને રાજકીય નફો કરાવે છે કે બંધારણીય બાબતનો લાભ સુપ્રીમ કોર્ટ આપ પાર્ટીને આપે છે કે કેમ?

સરકાર હંમેશા રાજકારણીઓ